Sandesh (Suppl.: Citylife)

EDII

January 12, 2025
Pg. 6

# દિવ્યાંગ મહિલાઓ બની 'પગભર': EDIIએ મહિલાઓને તાલીમ આપી આંત્રપ્રિન્યોર બનાવી

## દિવ્યાંગ મહિલાઓ બની 'પગભર': EDIIએ ૫,૯૧૫ પેટાઃ પ્રોજેક્ટ ઉદયા હેઠળ EDII એ પૂણે, રાયગઢ અને રત્નાગિરિ જિલ્લામાં ૧૦,૦૦૦થી વધુ લોકોને તાલીમ આપી બનાવી

સિટી લાઈફ । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા દિવ્યાંગો અને સમાજના નબળા લોકો પણ આર્થિક રીતે પગભર બને તે માટે ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડ દ્વારા સમર્થિત પ્રોજેક્ટ ઉદયા થકી પૂણે, રાયગઢ અને રત્નાગિરિ જિલ્લામાં તાલીમ શિબિરોનું આયોજન કર્યુ હતું. જેના પરિણામ સ્વરૂપ આજે તાલીમ બાદ ૫,૯૧૫ દિવ્યાંગ મહિલાઓ અને ૧૦ હજારથી વધુ લોકો પગભરને કોઈને કોઈ સ્વતંત્ર ઉદ્યોગ શરૂ કરીને સાચા અર્થમાં આત્મનિર્ભર બન્યાં છે. EDIIના એક્સ્પર્ટ દ્વારા ડિઝાઈન કરાયેલા તાલીમ શિબિરોમાં વ્યવસાયિક તકો અને સરકારી સહાયક યોજનાઓથી પરિચિત કરાવવામાં આવે છે. આ સાથે તેમની અંદર રહેવી ક્રિયેટિવિટીને પ્લેટફોર્મ આપી ખીલવામાં આવે છે. WEDPs હેઠળ ૧,૪૦૦થી વધુ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે, જેનાથી તેમને વ્યવસાયિક વાતાવરણની સમજ, તકોનું મૂલ્યાંકન કરવા અને સફળ સાહસો સ્થાપિત કરવા માટે જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ કાર્યક્રમ પ્રાયોગિક શિક્ષણ પર ભાર મૂકે છે, જેમાં તકોની ઓળખ, નાણાકીય વ્યવસ્થાપન, માર્કેટિંગ વ્યૂહરચના અને ઉદ્યોગસાહસિક સ્થિતિસ્થાપકતા જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવે છે.



### તાલીમ બાદ રાયગઢની મહિલા ઉમાબેન મહિને ૫૦ હજાર કમાય છે

દિવ્યાંગ મહિલાઓ માટે ખાસ ડિઝાઈન કરાયેલા આ તાલીમ શિબિરમાં રાયગઢ જિલ્લાના ઉમાબહેન જોડાયા હતાં. ઉમાએ રાયગઢના કરંજડેમાં મહિલા ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમ (WEDP)માં જોડાયને ઉદ્યોગસાહસિકતાના પાઠ શીખ્યા હતાં. જેના પરિણામ સ્વરૂપ આજે ઉમાબહેન ૧૩ લાખના રોકાણ બાદ મહિને ૫૦ હજારની માસિક આવક મેળવી રહ્યાં છે અને ભવિષ્યમાં વ્યવસાયને આગળ ધપાવવાની યોજના પણ બનાવી રહ્યા છે. ઉમાબહેન હાલ 'ન્યુટ્રિલોક પ્રીમિક્સ' જે ડિહાઈડ્રેટેડ શાકભાજી અને ફળોના ઉત્પાદોના પ્રોડક્શનનું કામ કરી રહ્યાં છે. તેઓ તાલીમ બાદ હવે મહિને એક લાખની આવક કેવી રીતે મેળવી શકાય તે દિશામાં હાલ પ્રયત્નશીલ છે.

### પ્રોજેક્ટ ઉદયા થકી ૬૦૦થી વધુ માઈક્રો એન્ટરપ્રાઈઝની સ્થાપના થઈ

પ્રોજેક્ટ ઉદયા હેઠળ ૬૦૦થી વધુ માઈક્રો એન્ટરપ્રાઈઝની સ્થાપના થઈ છે. જેનાથી ૮૦૦થી વધુ નૌકરીઓની તક ઉત્પન થઈ છે.જેનો ફાયદો સ્થાનિક અર્થવ્યવસ્થાને થઈને ૮૬% લાભાર્થીઓના જીવનધોરણમાં સુધારો થયો છે જે પ્રોજેક્ટના પરિવર્તનકારી પરિણામો સામે આવ્યા છે. ઉદ્યોગ સાહસિકોની સરેરાશ માસિક આવક ૧૦,૦૦૦ રૂપિયાથી ઉપર થઈ, જેમાં પ્રતિ યુનિટ સરેરાશ રોકાણ ૧ લાખ રૂપિયાથી વધુ ગયું, અગાઉ ૧૦૦થી વધુ બિન-કમાણી પરિવાર [illegible] હવે ઘરની આવકમાં ફાળો આપે છે. ઉલ્લેખનીય વાત એ છે કે અફરમેટિવ એક્શન કમ્યુનિટીઝ (SC/ST મહિલાઓ)થી ૭૦% લાભાર્થીઓની આર્થિક સમસ્યાઓનો નિકાલ આવ્યા છે.